### સરકાર તરફથી એક મોટી અને સારી પહેલ : તા.પાંચમી ઓગસ્ટે

# ૭૪માં વન મહોત્સવનો પંચમહાલથી પ્રારંભ

## રાજ્યમાં આવનારી પેઢીને શુદ્ધ વાતાવરણ આપવા અને પર્યાવરણ સાથે સંતુલન દ્વારા ગ્રીન ગ્રોથ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ આહવાન કર્યુ

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં સરકાર તરફથી એક મોટી અને સારી પહેલ કરવામાં આવી છે, રાજયમાં આવનારી પેઢીને શુદ્ધ વાતાવરણ આપવા અને પર્યાવરણ સાથે સંતુલન દ્વારા ગ્રીન ગ્રૉથ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાસ આહવાન કર્યુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પર્યાવરણ સાથે સમન્?વય સાધીને વિકાસનો માર્ગ દર્શાવ્યો છે, તે અંતર્ગત આજે મુખ્યમંત્રી પટેલે ૭૪માં વન મહોત્સવનો આદિજાતિ વિસ્તાર પંચમહાલનાં જેપુરા-પાવાગઢથી પ્રારંભ કરાવ્યો છે. આ વર્ષનાં વન મહોત્સવમાં ૧૦.૪૦ કરોડ રોપાઓનું વિતરણ કરવામાં આવશે. ૧.૧ હેક્ટરમાં ૧૦૦થી વધુ વિવિધ પ્રજાતિઓનાં ૧૧,૦૦૦ રોપાઓ સાથેના રાજ્યનાં બીજા "વન કવચ" નું પણ લોકાર્પણ કરવામાં આવશે. દેવભુમિ-દ્વારિકામાં હરસિદ્ધી માતા ધામમાં નિર્માણ થનારા ૨૩માં સાંસ્કૃતિક વન હરસિદ્ધ વનનુ ઈ-ખાતમૂહુર્ત, વન વિભાગનાં વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ એન્ડ કેર સેન્ટર્સનાં ઈ-લોકાર્પણ, સહભાગી વન વ્યવસ્થા મંડળીઓને લાભ સહાયનાં ચેક વિતરણ કરાશે.

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૭૪માં વન મહોત્સવનો પંચમહાલનાં જેપુરા-પાવાગઢથી પ્રારંભ કરાવતાં રાજ્યને પર્યાવરણ પ્રિય વાતાવરણ નિર્માણની વધુ એક ભેટ વન કવચ લોકાર્પણથી આપ્યુ છે. રાજ્યની આબોહવા અને માટીની ફળદ્રુપતા ધ્યાને લઈ વૃક્ષોનાં વાવેતર દ્વારા આવા વન કવચ વિકસાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રેરણા આપેલી છે.

આ સંદર્ભમાં રાજ્યનાં વન વિભાગે તૈયાર કરેલા બીજા વન કવચનું ૭૪માં વન મહોત્સવ પ્રારંભ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વન કવચ ૧.૧ હેક્ટર વિસ્તારમાં ૧૧,૦૦૦ રોપાઓનાં ઊછેર સાથે નિર્માણ પામ્યું છે.એટલું જ નહીં, આ વન કવચની વિશેષતા છે કે, વિવિધ છોડની ૧૦૦ જેટલી પ્રજાતિઓ અહીં વન વિભાગ દ્વારા ઉછેરવામાં આવી છે, આની સાથે બીજી ૧૦૦ જેટલી પ્રજાતિઓ કુદરતી રીતે આપોઆપ ઉગી નીકળી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વન કવચનાં લોકાર્પણ સાથે દેવભુમિ-દ્વારિકા જિલ્લામાં હરસિદ્ધમાતા તીર્થ ક્ષેત્ર ખાતે નિર્માણ થનારા રાજ્યનાં ૨૩માં સાંસ્કૃતિક વન હરસિદ્ધ વનનું ઈ-ખાતમૂહુર્ત પણ કર્યુ હતું.

મુખ્યમંત્રીએ આવનારી પેઢીઓને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા તેમજ શુદ્ધ વાતાવરણ પૂરું પાડવા માટે પર્યાવરણ સાથે સંતુલન જાળવીને ગ્રીન ગ્રોથથી વિકાસનું આહવાન કર્યુ હતું. તેમણે કહ્યું કે, પર્યાવરણ સાથે સમન્વય સાધીને વિકાસનો વિચાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલો છે. મિશન લાઈફ અન્વયે આપણા રોજબરોજનાં જીવનમાં પર્યાવરણ જાળવણી, જમીન અને માનવી બેયનું સ્વાસ્થ્ય બગડતું અટકાવવા પ્રાકૃતિક ખેતીનો નવતર વિચાર જેવા અભિગમોથી વડાપ્રધાનશ્રીએ સ્વાસ્થ્યપ્રદ જીવનનો માર્ગ બતાવ્યો છે. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આખી દુનિયા આજે ગ્લૉબલ વૉર્મિંગનાં સંકટ સામે ઝઝૂમી રહી છે, ત્યારે આપણાં વિઝનરી નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સમસ્યાનાં સમાધાન માટે પહેલેથી જ આયોજન કરીને ગુજરાતમાં કલાઈમેટ ચેન્જ વિભાગની રચના કરી ગ્લૉબલ વૉર્મિંગના સંકટ સામે તારણોપાય શોધ્યાં છે.

## કેન્દ્ર ટીમે બિપરજોય અંગે તંત્રની કામગીરીની સમીક્ષા કરી

ગાંધીનગર, તા.૩

બિપરજોય વાવાઝોડા સંદર્ભે નુકસાની તેમજ રિસ્ટોરેશનના ડૉક્યુમેન્ટેશન માટે દિલ્હીથી કચ્છ જિલ્લાની મુલાકાતે આવેલા ઈન્ટર-મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમના શીર્ષ અધિકારીશ્રીઓએ કલેક્ટરશ્રીની કચેરી ભુજ ખાતે બેઠક યોજીને પૂર્વ તૈયારીઓ અને વાવાઝોડા બાદની વહીવટીતંત્રની તૈયારીઓ તેમજ કામગીરીની સમીક્ષા કરીને માહિતી મેળવી હતી. જિલ્લા કલેકટરશ્રી અમિત અરોરાએ પ્રેઝેન્ટેશનના માધ્યમથી કેવી રીતે વાવાઝોડામાં વહીવટીતંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી તેના વિશે જાણકારી આપી હતી. ઈન્ટર-મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમના લીડર અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના સંયુક્ત સચિવશ્રી હર્ષ ગુપ્તા વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાએ આ બેઠક દરમિયાન વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સરકારશ્રીના ઝીરો કેઝ્યુઆલટીના અભિગમને ધ્યાનમાં રાખીને તમામ પૂર્વ તૈયારીઓ કરવામાં આવી હતી. તેઓએ બિપરજોય વાવાઝોડા પૂર્વે દરિયાકાંઠાના વિસ્તારમાંથી સ્થળાંતરની કામગીરી, કલસ્ટર વાઈઝ અધિકારીશ્રીઓની નિમણૂક, શેલ્ટર હોમ્સનું એનજીઓ અને પોલીસ સ્ટેશન સાથે મેપિંગ, કોમ્યુનિકેશન વ્યવસ્થા, ફૂડ પેકેટ વિતરણ વ્યવસ્થા, બાળકો માટે મિલ્ક પાઉડરની વ્યવસ્થા, પાણી વિતરણ, વીજ પુનઃસ્થાપનને કેન્દ્રમાં રાખીને મટિરિયલ્સની ઉપલબ્ધતા, ઝાડ ટ્રિમિંગ, વાવાઝોડા પહેલા સગર્ભા મહિલાઓનું મેડિકલ ફેસિલિટીઝમાં સ્થળાંતર, પશુઓની સુરક્ષા, ધાર્મિક સ્થળો-પ્રવાસન બંધ રાખીને લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી વગેરે પ્રાથમિકતાના ધોરણે લેવાયેલા પગલાઓ વિશે જાણકારી આપી હતી.

## ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૪મા વન મહોત્સવની ઉજવણી કલોલ ખાતે કરાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૪મો વન મહોત્સવની ઉજવણી કલોલ ખાતે કરવામાં આવશે. ૭૪ વન મહોત્સવની ઉજવણી તા. ૦૫મી ઓગસ્ટના રોજ સવારના ૧૦.૦૦ કલાકે કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી શ્રી ઉમિયા ધામ, ૪૨ કડવા પાટીદાર સમાજ, ભાદોલ, તા કલોલ ખાતે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, અતિથી વિશેષ પદે કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (બકાજી) ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે વન સંરક્ષક, વિકાસ અને વ્યવસ્થા, ગાંધીનગર અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી યુ.ડી.સિંઘ, કડવા પાટ.દાર ૪૨ સમાજ માનવ સેવા સમિતિ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને સંસદ સભ્ય શ્રી જીવાભાઈ પટેલ, માનવ સેવા સમિતિ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી જગદીશભાઈ અશોકલાલ પટેલ, અને મંત્રી શ્રી જયંતિભાઈ એસ. પટેલ ઉપસ્થિત રહેશે.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયાના માર્ગદર્શન હેઠળ નાયબ વન સંરક્ષક શ્રી ડૉ. ચંદ્રેશકુમાર શાનદ્રે અને તેમની ટીમ કરી રહી છે.



ગાંધીનગર પાસે સંત સરોવર ડેમમાંથી પાણી સાબરમતી નદીમાં છોડવામાં આવ્યું હતું. જેના કારણે વાસણા ડેમના ચાર દરવાજા ખોલી નાખવામાં આવ્યા હતા.

## રેડ ક્રૉસને સૌથી વધુ બ્લડ કલેક્શન કરવા બદલ નેશનલ એવૉર્ડ મળ્યો

અમદાવાદ, તા.૩

ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગુજરાત રાજય શાખાએ દેશમાં સૌથી વધારે સ્વેચ્છિક રક્તદાન એકત્રિત કરવા બદલ શિલ્ડ મેળવ્યુ છે. ૧૭ જલાઈ ૨૦૨૩ના દિવસે રાષ્ટ્પતિ ભવન, નવી દિલ્હી ખાતે આયોજિત દેશના રાષ્ટ્રપતિ અને ઈન્ડિયને રેડ ક્રૉસ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભામાં ભારતના રાષ્ટ્રપતિ અને ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટીના પ્રમુખ દ્રૌપદી મુર્મૂના હસ્તે ભારતના કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટીના ચેરમેન મનસુખભાઈ માંડવિયાની ઉપસ્થિતિમાં બ્લડ ડૉનેશન શિલ્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગુજરાત રાજય શાખા વતી ગુજરાત રેડ ક્રૉસના વાઈસ ચેરમેન અજયભાઈ દેસાઈ દ્વારા આ શિલ્ડ સ્વીકારવામાં આવ્યો હતો. ગુરજરાત રેડ ક્રૉસના ચેરમેન અજયભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, ગુજરાત રેડ ક્રૉસે સ્વૈચ્છિક બ્લડ ડૉનેશન સેવાઓમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી છે, અને અન્ય તમામ રાજ્યો તેમજ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યુ છે. ગુજરાતના રક્ત દાતાઓએ બ્લડ ડૉનેશન ઝૂંબેશમાં જે સાથ અને સહકાર આપ્યો છે તે અભૂતપૂર્વ છે તેઓના ગુજરાત રેડ ક્રૉસ વતી હુ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છુ. આવનારા દિવસોમાં ગુજરાત રેડ ક્રૉસ બ્લડ ડૉનેશન ક્ષેત્રે અને સાથો સાથે અન્ય સેવાકીય ક્ષેત્રોમા હજુ વધારે સારી કામગીરી કરશે. દર વર્ષે ૮ મેના રોજ વિશ્વ રેડ ક્રૉસ દિવસ મનાવવામાં આવે છે. પ્રથમ નૉબેલ શાંતિ પુરસ્કાર વિજેતા અને ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રૉસના સ્થાપક હેનરી ડ્યૂનાન્ટની જન્મજયંતિના સન્માનમાં આજના દિવસ ઉજવવામાં આવે છે.

## ટ્રાફિકમાં અડચણરૂપ બનતા પશુઓને પકડવાની કામગીરી શરુ

### સમસ્યાને દૂર કરવા માટે મનપાએ એક્શન પ્લાન ઘડ્યો જામનગર મહાનગરપાલિકાએ પશુ માલિકોની યાદી તૈયાર કરી

જામનગર, તા.૩

જામનગરમાં રખડતા ઢોરનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. જામનગરમાં રખડતા ઢોરની સમસ્યા શહેરીજનો માટે જ નહીં તંત્ર માટે પણ માથાનો દુઃખાવો બની છે. જો કે આ સમસ્યાને દૂર કરવા માટે મનપાએ એક્શન પ્લાન ઘડ્યો છે. જામનગર મહાનગરપાલિકાએ પશુ માલિકોની યાદી તૈયાર કરી છે. જામનગર શહેરમાં ૪૦૦ જેટલા પશુ માલિકોની યાદી તૈયાર કરી તે પૈકી ૩૫૦ જેટલા પશુ માલિકોને નોટિસ અપાઈ છે. તંત્રએ ચાર ટીમ બનાવી છે. આ ટીમ ટ્રાફિકમાં અડચણરૂપ બનતા પશુઓને પકડવાની સાથે તેમના માલિકો વિરૂદ્ધ ફરિયાદ નોંધવાની કાર્યવાહી પણ હાથ ધરશે.

## રાજ્યમાં આંખ આવવાના કેસમાં સતત વધારો નોંધાયો

અમદાવાદ, તા.૩

રાજ્યમાં કન્જક્ટિવાઈટિસ એટલે કે આંખ આવવાના કેસમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં બે લાખ ૩૦ હજાર કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ અમદાવાદ શહેરમાં અંદાજીત ૫૧ હજાર કેસ સામે આવ્યા છે અને રાજ્યમાં છેલ્લા ચાર દિવસથી આંખ આવવાના દૈનિક ૧૭થી ૨૦ હજાર કેસ નોધાઈ રહ્યા છે.

જો કે રાજ્ય સરકાર પાસે આ રોગ સામે બે દવાનો પૂરતો જથ્થો હોવાનો દાવો છે. આરોગ્ય વિભાગના આંકડા મુજબ મંગળવારે ૨ લાખ ૧૭ હજાર જેટલા કેસ હતા.

તે વધીને બુધવારે ૨ લાખ ૩૦ હજાર થયા છે. જે ૧૩ હજાર કેસનો વધારો દર્શાવે છે. કેસમાં સતત વધારો થતા આરોગ્ય વિભાગે પણ તમામ જિલ્લામાં આરોગ્ય અધિકારીઓને કન્જક્ટિવાઈટિશને લગતી તમામ દવાઓ અને આંખના ટીપાનો પૂરતો જથ્થો રાખવા માટે સૂચના આપી છે. આંખનો ફ્લૂ એ આંખોનો ચેપ છે. તેને કન્જક્ટિવાઈટિસ, ગુલાબી આંખ, લાલ આંખ પણ કહેવામાં આવે છે. બાય ધ વે, સામાન્ય ભાષામાં તેને કમિંગ ઓફ આંખો કહે છે. આ આંખના ચેપથી નેત્રસ્તરની બળતરા થાય છે. કોન્જુક્ટીવા એ સ્પષ્ટ સ્તર છે જે આંખના સફેદ ભાગ અને પોપચાના આંતરિક અસ્તરને આવરી લે છે.

આમાં, ચેપ આંખના સફેદ ભાગમાં ફેલાય છે. જેના કારણે દર્દીને જોવામાં ઘણી મુશ્કેલી પડે છે. ચેપનું કારણ બનેલા વાયરસને કારણે તે કોઈપણને થઈ શકે છે. હા, તે વ્યક્તિથી વ્યક્તિમાં ફેલાય છે.

## તોફાની વિદ્યાર્થીને કારણે શાળાને તાળા મારવાનો વારો

### ધોરણ છ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી તોફાની હોવાને કારણે વાલીઓ અને શિક્ષકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા

અમરેલી, તા.૩

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાનું બાઢડા ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ અને શિક્ષકોનો આરોપ છે કે ધોરણ છ માં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી તોફાની હોવાને કારણે વાલીઓ અને શિક્ષકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે ત્યારે બાઢડા પે સેન્ટર શાળાએ મોટી સંખ્યામાં વાલીઓ સવારે આવી પહોંચ્યા હતા. શાળા ખુલતાની સાથે જ વાલીઓએ શાળાને તાળાબંધી કરી હતી.

ધોરણ છ માં અભ્યાસ કરતો વિદ્યાર્થી શિક્ષકો સાથે ગેરવર્તન કરે છે અન્ય વિદ્યાર્થીઓ સાથે મારપીટ કરે છે. છેલ્લા એક મહિનાથી આ પ્રકારની ફરિયાદ ઉઠી છે તે બાબતે વાલીઓએ અનેક રજૂઆતો કરી છે છતાં કોઈ નિરાકરણ નહીં આવતા રોષ સાથે વાલીઓ શાળાએ આવી અને તાળાબંધી કરી હતી. સ્થાનિક પોલીસને જાણ થતાં પોલીસ શાળાએ દોડી આવી હતી.

બાઢડા પે સેન્ટર શાળામાં ધોરણ છ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી તોફાન કરતો હોવાની ફરિયાદ છેલ્લા એક મહિનાથી ઉઠી છે. તેને લઈ અને વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી સુધી ફરિયાદો કરી છે પરંતુ આજ દિવસ સુધી કોઈ પણ પ્રકારનું નિરાકરણ નહીં આવતા અંતે વાલીઓએ પોતાના બાળકોને શાળાએ અભ્યાસ માટે નહીં મોકલવા નિર્ણય લીધો છે.

જ્યાં સુધી તોફાની વિદ્યાર્થીને આ શાળામાંથી ટ્રાન્સફર કરવામાં નહીં આવે ત્યાં સુધી તેમના બાળકોને અભ્યાસ નહીં કરાવે અન્યથા બાળકોના એલસી લઈ બીજી શાળામાં અભ્યાસ કરવા મોકલી દેવા સુધીનો વાલીઓ નિર્ણય લીધો છે.

પે સેન્ટર શાળામાં ફરજ બજાવતા ઈન્ચાર્જ આચાર્યએ જણાવ્યું હતું કે શાળામાં અભ્યાસ કરી રહેલ ધોરણ છ નો વિદ્યાર્થી તોફાની હોવાને કારણે અનેક વિદ્યાર્થીઓ સાથે માર કુટ કરે છે.

શાળાની બિલ્ડીંગની અગાસી પર ગમે ત્યારે ચડી જાય છે. તોફાની વિદ્યાર્થી બાબતે શિક્ષણ વિભાગમાં શાળા દ્વારા રજૂઆત કરવામાં આવી છે છતાં આજ દિવસ સુધી કોઈ નિરાકરણ આવેલ નથી. જેના કારણે બાળકોની સલામતી માટે વાલીઓએ પોતાના બાળકોને શાળાએ નહિ મોકલવા માટે નિર્ણય લીધો છે.

## ટ્રાફિક વિભાગે નિયમ ભંગ કરનાર સામે કાર્યવાહી કરવા માટે ડ્રાઈવ

### રોંગ સાઇડમાં જનારા, ઓવર સ્પીડ ચાલક, નશામાં ધૂત ચાલક સહિતનાને પકડવા અને દંડ ફટકારવાની કામગીરી શરુ કરવામાં આવી છે

અમદાવાદ, તા.૩

અમદાવાદના ઈસ્કોન બ્રિજ પર તથ્ય પટેલે સર્જેલા અકસ્માત બાદ ટ્રાફિક વિભાગ (Traffic Department) એક્શનમાં આવ્યું છે. ટ્રાફિક વિભાગે નિયમ ભંગ કરનાર સામે કાર્યવાહી કરવા માટે ડ્રાઈવ હાથ ધરી છે. જેમાં રોંગ સાઈડમાં જનારા, ઓવર સ્પીડ ચાલક, નશામાં ધૂત ચાલક સહિતનાને પકડવા અને દંડ ફટકારવાની કામગીરી શરુ કરવામાં આવી છે. અન્ય રીતે ટ્રાફિક નિયમ ભંગ કરનારાઓને પણ ટ્રાફિક વિભાગે ઝડપી દંડ ફટકાર્યો છે. જેના પગલે હવે ઈ઼ંમાં દંડ ભરવા આવતા લોકોની ભીડ વધી છે.અમદાવાદ RTOમાં નિયમ ભંગ કરનારાઓ અને વાહન ડિટેઈન થનારાઓ પોતાના દંડની રકમ ભરવા પહોંચી રહ્યા છે. અમદાવાદ RTOમાં વહેલી સવારથી જ દંડ ભરવા આવતા લોકોની લાંબી કતાર લાગે છે. જેના કારણે કોઈને દંડ ભરવા બે કે ૩ દિવસ ધક્કો પણ ખાવો પડે છે. ઈ઼ંમાં દંડ ભરવા આવતા લોકોને વેઈટિંગ માટે અપાતી ટોકન પૂર્ણ થતાં ધક્કા થાય છે. તો કેટલાક લોકો દસ્તાવેજના અભાવે પણ ધક્કો ખાતા જોવા મળે છે.લોકોના આક્ષેપ છે કે સિસ્ટમના કારણે



અનેક લોકો હેરાન થઈ રહ્યા છે. જેના કારણે લોકોએ ટોકન વધારવા માગ કરી છે. જેથી તેઓએ ધક્કા ખાવા ન પડે. નોકરી કરતા લોકોને દંડ ભરવા આવવા માટે નોકરીમાં રજા પાડવી પડતી હોય છે. રજા પાડ્યા બાદ પણ લોકોને ધક્કો ખાવો પડે છે.

જેથી લોકો હવે હાલાકી ન પડે તેના પર ધ્યાન આપવા તંત્રને અપીલ કરી રહ્યા છે.બીજી તરફ RTO અધિકારીએ કતારોને પહોંચવા આયોજન કર્યાનું નિવેદન આપ્યું હતુ. અધિકારીએ જણાવ્યું કે RTOમાં પહેલા એક ટેબલ હતું, તેના બદલે ૩ ટેબલ મુકવામાં આવ્યા છે. જ્યારે પહેલા દરરોજ ૫૦થી ૬૦ લોકો આવતા ત્યાં ૧૨૦ ઉપર લોકોને ટોકન અપાઇ રહ્યાનું પણ અધિકારીએ નિવેદન આપ્યુ છે. તો લોકોને હાલાકી ન પડે તે રીતે કામ કરવામાં આવતું હોવાની અધિકારીએ ખાતરી આપી હતી.

RTO અધિકારીની વાત માનીએ તો દરરોજ ૧૦૦થી વધુ લોકો દંડ ભરવા આવે છે. જેના કારણે એક સપ્તાહમાં ૭૦૦ થી લઈને ૧૦૦૦ સુધી લોકોએ દંડ ભર્યાનો અંદાજ છે. અક સપ્તાહમાં ૪ લાખ રુપિયાથી વધુ દંડ લોકોએ ભર્યાનો અંદાજ છે. આ આવકની સીધી અસર સરકારી તિજોરીને જોવા મળી છે.

### કોર્ટ બિલ્ડીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સુવિધા પણ રહેશે . બેઝમેન્ટ ઉપરાંત ગ્રાઉન્ડ ફ્લોર ઉપર સાત માળની ઈમારતની ડિઝાઈન તૈયાર કરી દેવામાં આવી છે જેમાં રેકર્ડ રૂમ માટે એક અલાયદો માળ હશે નવા કોર્ટ બિલ્ડીંગ નું કામ પૂર્ણ થતાં બે વર્ષ જેટલો સમય લાગશે જ્યારે આગામી બે મહિનામાં કામ પણ શરૂ કરી દેવાશે.

### ત્રણ બગીચા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૪,૦૭૦ ચોરસ મીટરના પ્લોટમાં રૂપિયા ૨.૧૦ કરોડના ખર્ચે નવા બગીચા વિકાસાવવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે કુડાસણ અને ચિલોડામાં જમીન ઉપલબ્ધ છે. આ ઉદ્યાનોમાં સોશિયલ મેસેજ સાથેની સેલ્ફી વોલ અને અન્ય આકર્ષણ પણ જોવા મળશે આ બગીચામાં ફાઉન્ટેન, જોગિંગ ટ્રેક, આઉટડોર જીમ એરિયા, ચિલ્ડ્રન પ્લે એરિયા, ઉપરાંત સહેલાણીઓ માટે બેઠક વ્યવસ્થા, ગઝેબો, પેરેન્ટ્સ માટે સીટિંગ પ્લાઝા, નાનકડુ તળાવ ટલે કે લીલી પોન્ડ, કિઓસ્ક, સ્ટેજ, સરક્યુલર પાથ, સ્ટેપિંગ સ્ટોન, પરગોલા, શોપ સહિતની સુવિધા પણ આકર્ષણ નું કેન્દ્ર બનશે. જ્યારે બગીચામાં ટોઈલેટ બ્લોક્સ, પાણીની પરબ, સિક્યુરીટી કેબીન ની વ્યવસ્થા કરવામાં આવશે બગીચાના પ્રવેશ ને અનુલક્ષી આકર્ષક પ્રવેશદ્વાર પણ તૈયાર કરાશે. જ્યારે ઉદ્યાનોમાં રંગબેરંગી ફૂલો અને હરિયાળી નિખરે તે માટે વૈવિધ્યસભર રોપાઓની વાવણી કરાશે આગામી દિવાળી પહેલા ઓક્ટોબર મહિના સુધીમાં બગીચાનું કામ પણ પૂર્ણ કરી દેવાશે.

### પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સર્વરની આયાત પ્રતિબંધિત હશે. પ્રતિબંધિત આયાત માટે માન્ય લાયસન્સ સામે તેની આયાતની પરવાનગી આપવામાં આવશે. આ પ્રતિબંધિત સામાન નિયમો હેઠળ આયાત પર લાગુ થશે નહીં.

ઈકોનોમિક થિંક ટેક્ જીટીઆરઆઈએ ગયા મે મહિનામાં એક રિપોર્ટ જાહેર કર્યો હતો. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ચીનથી લેપટોપ, પર્સનલ કોમ્પ્યુટર, ઈન્ટિગ્રેટેડ સર્કિટ અને સોલાર સેલ જેવી ઈલેક્ટ્રોનિક વસ્તુઓની આયાતમાં ઘટાડો થયો છે.

### ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પુરાતત્વ સર્વેક્ષણે એફિડેવિટ આપ્યું હતું કે સર્વેક્ષણથી જ્ઞાનવાપી સંકુલને કોઈ નુકસાન થશે નહીં. મુસ્લિમ પક્ષે કહ્યું હતું કે સર્વેથી માળખાને નુકસાન થશે, ત્યારબાદ છજીૈં દ્વારા એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી કે સર્વેથી કોઈ નુકસાન થશે નહીં, ત્યારબાદ અલ્હાબાદ હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો હતો. ASIએ કહ્યું કે જો ખોદવાની જરૂર પડશે તો પહેલા કોર્ટની પરવાનગી લેવામાં આવશે. કોર્ટના નિર્ણય બાદ જ્ઞાનવાપી કેમ્પસનો ASI સર્વે ગમે ત્યારે શરૂ કરી શકાશે.

### કાનૂની જીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સર્કિટ કોર્ટના આદેશ બાદ દેવાસ દ્વારા યુ.એસ.માં એન્ટ્રિક્સ વિરુદ્ધ પસાર કરાયેલા તમામ આદેશો રદ કરવામાં આવ્યા છે. એન્ટ્રિક્સના વરિષ્ઠ કાનૂની અધિકારી ચિન્મય રોયે યુએસ કોર્ટના નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેણે વાતચીતમાં કહ્યું, 'ભારતમાં અગાઉ સુપ્રીમ કોર્ટે દેવાસને ફ્રોડ જાહેર કર્યું હતું. દિલ્હી હાઈકોર્ટે એન્ટ્રિક્સ સામેના આઈસીસી આર્બિટ્રેશન એવોર્ડને રદ કર્યો હતો. તાજેતરમાં નેધરલેન્ડની કોર્ટે પણ એન્ટ્રિક્સની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. તાજેતરના ચુકાદા સાથે દેવાસના ગુનેગારો પર સકંજો કસાયો છે.

### ચૂનો લગાડ્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તો તે તેની ઈમેજ ખરાબ કરવા માટે તે વીડિયો ક્લિપ્સનો ઉપયોગ કરશે. આ પછી વ્યક્તિએ બે અલગ-અલગ બેંક ખાતામાં ૧.૧૪ કરોડ રૂપિયા જમા કરાવ્યા. આ પછી પણ મહિલાનું બ્લેકમેલિંગ ચાલુ રહ્યું, ત્યારબાદ વ્યક્તિએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે. તેમણે જણાવ્યું કે મહિલાએ નકલી આઈડી અને નામથી પ્રોફાઈલ તૈયાર કરી હતી, જેનો હેતુ લોકોને છેતરવાનો હતો. ડીસીપી એસ ગિરીશે જણાવ્યું કે પોલીસે ૮૪ લાખ રૂપિયા ફ્રીઝ કરી દીધા છે, જ્યારે આરોપી મહિલાએ ૩૦ લાખ રૂપિયા વાપરી દીધા છે.